દાખલ તારીખ : ૦૩/૧૨/૨૦૨૫
રજી. તારીખ : ૦૩/૧૨/૨૦૨૫
ફેંસલ તારીખ : ૧૫/૦૪/૨૦૨૬
સમય:વર્ષ–૦૦,માસ–૪૦,દિવસ–૧૨

આંક :

**ફોર્મ–એ**

## જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટમાં, માણાવદર

સમક્ષ : અતીત મહેશકુમાર મહેતા
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ

જજમેન્ટ તારીખ : ૧૫/૦૪/૨૦૨૬

## ફોજદારી કેસ નંબર : ૬૯૧/૨૦૨૫

એફ.આઈ.આર.નં.૧૧૨૦૩૦૩૭૨૫૦૩૦૧/૨૦૨૬
પોલીસ સ્ટેશન : માણાવદર.

| | | |
|---|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર | |
| ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી | એસ. એચ. પરમાર | |
| આરોપી પક્ષ | ૧. | દીનેશ ઉર્ફે દીનો નાથાભાઈ પરમાર, ઉ વ.૩૬ રહે.નાનડીયા ગામ, તા.માણાવદર |
| આરોપી પક્ષે વિ.વ.શ્રી | એમ.બી.મુછાર | |

**ફોર્મ–બી**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૫/૦૮/૨૦૨૫ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૦૫/૦૮/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૦૮/૧૦/૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ | ૨૩/૧૨/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૫/૦૧/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૦/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૫/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ, જો હોય તો | – |

| અ.નં | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયત નો સમય ગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | દીનેશ ઉર્ફે દીનો નાથાભાઈ પરમાર | ૫/૮ /૨૫ | ૫/૮ /૨૫ | પ્રોહી. કલમ– ૬૫ એએ મુજબ. | નિદોર્ષ | – | – |

## ફોર્મ–સી

## :: સાહેદોનુ લીસ્ટ ::

અ.ફરીયાદ પક્ષ તર્ફે સાહેદો:

| આંક | વિગત |
|---|---|
| ૭ | પંચ સાહેદ દીનેશભાઈ ગોપાલભાઈ રાઠોડની જુબાની |
| ૧૧ | ત.ક.અ. બહાદુરસિંહ કાળાભાઈ ભલગરીયાની જુબાની |

બ. બચાવ પક્ષના સાક્ષી, જો હોય તો : નથી.

ક. ન્યાયાલયના સાક્ષી જો હોય તો : નથી.

ફરીયાદી/બચાવપક્ષ/ન્યાયાલયના આંકની યાદી.

## :: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ ::

અ. ફરીયાદ પક્ષ :

| આંક | વિગત |
|---|---|
| ૮ | મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામુ. |
| ૧૨ | ઈ–સાક્ષ્ય પ્રમાણપત્ર |
| ૧૩ | રવાનગીપત્રક |
| ૧૪ | ફરીયાદ |

બ. બચાવ પક્ષ :

ક. ન્યાયાલય :

ડ. ભૌતિક વસ્તુઓ :

## -: <u>ચુ કા દો</u> :-

।૧। ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૫-૮-૨૦૨૫ ના કલાક-૨૦/૦૦ વાગ્યે નાનડીયા ગામે આ કામના આરોપીએ ગેરકાયદેસર રીતે પાસ-પરમીટ વગર પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં દેશી પીવાના દારૂની નાની-નાની કોથળીઓ નંગ-૫૧ જે દેશી દારૂ આશરે લીટર-૧૭ જેની કિંમત રૂા.૩૪૦૦/-નો રાખી રેઈડ દરમ્યાન હાજર મળી આવી પકડાઈ જઈ પ્રોહી. એકટ કલમ -૬૫ એએ મુજબનો ગુનો કરેલાનો આરોપી વિરૂધ્ધ આક્ષેપ છે,જે આધારે ગુના લગત માણાવદર પો.સ્ટે.માં એફ.આઈ.આર. નોંધવામાં આવેલ અને તપાસના અંતે આરોપી વિરૂધ્ધ હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

।૨। આરોપીને સમન્સ કરતાં તેઓ કોર્ટ સમક્ષ હાજર થયેલા. આરોપીને પોલીસ પેપર્સની તમામ નકલો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૦ મુજબ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ અને સદર ગુન્હા સબબ આંક-૪ થી આરોપી સામે તહોમતનામુ ફરમાવી, આંક-૫ થી આરોપીની પ્લી લેવામાં આવતા આરોપીએ ગુન્હાની કબુલાતનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવાની માંગણી કરેલ છે, જેથી હાલનો કેસ ફરીયાદ પક્ષના પુરાવા ઉપર આવેલ છે.

।૩। ફરીયાદ પક્ષે આંક-૭ થી તપાસેલ પંચ સાહેદ દીનેશ ગોપાલભાઈ રાઠોડ પ્રોહી મુદ્દામાલ કબજે કર્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવી સદર પંચનામું આંક-૮ થી રજુ કરે છે અને સદર તૈયાર પંચનામામાં પોલીસે સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલી, પોલીસે તેઓને સાથે રાખી કોઈ રેડ કરેલ નથી કે કોઈ પ્રોહી મુદ્દામાલ કબજે કરેલ નથી તેમ જણાવેલ છે. આરોપી તરફેની ઉલટતપાસમાં પોલીસ તેમને કોઈ સ્થળ ઉપર તેઓની સાથે લઈ ગયેલ હોય તેવુ બનેલ ન હોવાનુ તથા પોલીસના કહેવાથી તેની પાસેનચા લખેલા કાગળો ઉપર કાંઈપણ વાચ્યા વગર તેઓએ સહી કરી આપેલી તે કાગળમાં શુ લખેલ હતુ તેની હકીકતની તેઓને કોઈ જાત માહીતી ન હોવાનુ તથા

તેઓ રૂબરૂ કોઈ ઈસમની અટક કરવામાં આવેલ ન હોવાનુ સ્વીકારેલ છે. આમ, આ કામે આંક–૮ થી રજુ થયેલ અટક પંચનામા પુરવાર થયેલ નથી.

।૪। ફરીયાદપક્ષે આ કામના તપાસ કરનાર અધિકારી બહાદુરસિંહ કાળાભાઈ ભલગરીયાને આંક–૧૧ થી તપાસવામાં આવેલ છે.ત.ક.અધિકારી કે જેઓ પોલીસ સાહેદ છે,તેઓએ ફરીયાદ હકીકતોને તથા પોતે કરેલ કામગીરીની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે અને આંક–૧૨ થી ઈ–સાક્ષ્ય પ્રમાણપત્ર તથા આંક–૧૩ થી રવાનગીપત્રક રજુ રાખેલ છે. આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામમાં તેઓની તપાસ દરમ્યાન કહેવાતા ફરીયાદી પેટ્રોલીંગમાં હતા તે બતાવવા માટે આ ચાર્જશીટ સાથે કોઈ લોગબુકનો ઉતારો મુકેલ નથી, કહેવાતા મકાનની આજુબાજુ રહેણાંકના મકાન આવેલ હોય, આ કામે કોઈ તટસ્થ સાહેદના નિવેદનો લીધેલ નથી.

।૫। વધુમાં આરોપીના વ.શ્રીને આંકે પાડવાનો વાંધો ન હોવાનો શેરો કરતા ફરીયાદને આંક–૧૪ આપવામાં આવેલ છે.

।૬। આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં તપાસ કરનાર અધિકારીએ તેમના પુરાવાથી ફરીયાદ પક્ષને સમર્થન આપતી જુબાની આપેલ છે પરંતુ પ્રસ્તુત કામે સ્વતંત્ર એવા પંચ સાહેદનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો પંચ સાહેદના જણાવ્યા મુજબ પોલીસે તેઓની તૈયાર પંચનામા માં સહી લીધેલી. પંચ સાહેદે પોતાના સોગંદ ઉપરના અદાલત રૂબરૂના મૌખિક પુરાવામાં પોલીસે તેઓની હાજરીમાં કોઈ પ્રોહી. મુદ્દામાલ કબજે કરેલ હોય તેવું બનેલ ન હોવાનું તેમજ તેઓની હાજરીમાં કોઈ રેડ કરવામાં આવેલ હોય તેવું બનેલ ન હોવાનું જણાવેલ હોય, તેથી પંચોને સાથે રાખી રેઈડ કરેલાનું તથા મુદ્દામાલ કરેલાનું માની શકાય નહીં. તે ઉપરાંત , આ કામે બનાવવાળી જગ્યાએથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં આ કામે કોઈ તટસ્થ સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. આમ, સ્વતંત્ર સાહેદોના

પુરાવાના સમર્થન વિના આવા શંકાસ્પદ પુરાવા આધારે આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર થયેલ ગણી શકાય નહીં. આમ, રેકર્ડ ઉપરની હકીકતો આધારે ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધનો પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય, ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી નિર્ણય ::–

(૧) આ કામના આરોપી દીનેશ ઉર્ફે દીનો નાથાભાઈ પરમારને પ્રોહી. એકટની કલમ–૬૫એએ મુજબના ગુન્હામાંથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ–૨૭૧(૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નાશ કરવો.

(૩) આરોપીએ અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાત મુચરકા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ અન્વયે એપેલેટ કોર્ટમાં હાજર રહેવા માટે અપીલ પીરીયડ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ : ૧૫મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

માણાવદર,
તા.૧૫/૦૪/૨૦૨૬

( અતીત મહેશકુમાર મહેતા )
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
માણાવદર(કોડ નં. જીજે ૦૧૫૨૧)